સરકારી યોજનાઓના લાભથી કોઈ પાત્ર લાભાર્થી વંચિત ન રહે -જિલ્લા કલેક્ટર

# કલેક્ટર ગાર્ગી જૈનના અધ્યક્ષસ્થાને સંકલન સમિતિની બેઠક યોજાઇ

(પ્રતિનિધિ) બોડેલી, તા.17

છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અગાઉની બેઠકો દરમિયાન જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ કરવામાં આવેલા વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ જિલ્લાના વિવિધ સરકારી વિભાગો દ્વારા કરવામાં આવતી કામગીરીની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવી હતી.



બેઠક દરમિયાન કલેક્ટર ગાર્ગી જૈને સર્વજન કલ્યાણ સંપૂર્ણતા અભિયાન અંતર્ગત વધુમાં વધુ પાત્ર લાભાર્થીઓને સરકારી યોજનાઓનો લાભ મળે તે દિશામાં પરિણામલક્ષી કામગીરી કરવા અધિકારીઓને સૂચના આપી હતી. સરકારી યોજનાઓનો લાભ મેળવવા માટે પાત્રતા ધરાવતા કોઈપણ લાભાર્થીને યોજનાના લાભથી વંચિત ન રહેવું પડે તે માટે સંબંધિત વિભાગોએ સંકલન સાથે કામગીરી કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ ઉપરાંત નાગરિકો દ્વારા કરવામાં આવતી અરજીઓનો નિયત સમયમર્યાદામાં નિકાલ થાય તે સુનિશ્ચિત કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. નિવૃત્ત કર્મચારીઓના પેન્શન સંબંધિત કેસોની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. આગામી બે વર્ષમાં નિવૃત્ત થનારા કર્મચારીઓના પેન્શન કેસોની સમયસર તૈયારી કરી જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

બેઠકમાં ગુજરાત તકેદારી આયોગ તરફથી મળતા પત્રો અંગેની કામગીરી તેમજ સરકારી જમીનની ફાળવણી સંબંધિત બાબતોની પણ સમીક્ષા કરવામાં આવી હતી. વિવિધ વિભાગોના પડતર પ્રશ્નોનો સમયસર ઉકેલ આવે અને સરકારી કામગીરી વધુ સુચારુ બને તે માટે જરૂરી ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્રભાઈ રાઠવા, લોકસભા સાંસદ જશુભાઈ રાઠવા, ધારાસભ્ય અભેસિંહ તડવી, નિવાસી અધિક કલેક્ટર સહિત વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વડોદરા જિલ્લામાં LBD લેબ અંતર્ગત ૧૫૯ શાળાના શિક્ષકોને તાલીમ અપાઈ

(પ્રતિનિધિ) પાદરા, તા. 17

વડોદરા જિલ્લાની પસંદગી પામેલી શાળાઓમાં સ્થાપિત LBD (Learning by Doing) લેબના અસરકારક ઉપયોગ માટે ગણિત-વિજ્ઞાનના શિક્ષકોની ત્રણ દિવસીય હેન્ડ્સઓન તાલીમ યોજાઈ હતી. તા. 15થી 17 ઑક્ટોબર દરમિયાન સોખડા, પોર અને રામપુરા (અનગઢ) ખાતે યોજાયેલી આ તાલીમમાં કુલ 159 શાળાના શિક્ષકોએ ભાગ લીધો હતો. જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર મહેશ પાંડેના માર્ગદર્શન હેઠળ TCIL, નવી દિલ્હી દ્વારા યોજાયેલી તાલીમમાં શિક્ષકોને લેબનાં સાધનોનો પરિચય, ઉપયોગ, જાળવણી તેમજ આગામી ત્રણ વર્ષ દરમિયાન યોજાનારી વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન LBD લેબનાં 360 જેટલાં સાધનો અંગે માર્ગદર્શન અપાયું હતું.

ખેતરમાં ગાંજાના ૮૧ છોડ મળી આવતાં ચકચાર

# નસવાડીના પાલા ગામે ખેતરમાંથી ૫૦.૪૨ લાખનો લીલો ગાંજો ઝડપાયો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.17

છોટાઉદેપુર જિલ્લામાં નશીલા પદાર્થોના ગેરકાયદેસર વાવેતર અને હેરાફેરી સામે પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે, ત્યારે નસવાડી તાલુકાના પાલા ગામે ખેતરમાંથી લાખો રૂપિયાની કિંમતનો લીલો ગાંજો મળી આવતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. છોટાઉદેપુર જિલ્લા પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહીમાં ખેતરમાં વાવેલા ગાંજાના કુલ 81 છોડ મળી આવ્યા હતા પોલીસ દ્વારા આ છોડમાંથી મળી આવેલા લીલા ગાંજાનું વજન 100.850 કિલોગ્રામ નોંધવામાં આવ્યું છે.

જેની અંદાજિત કિંમત રૂ. 50. 41 લાખ થાય છે આ મામલે ખેતરના માલિક તરીકે રવિશંકરભાઈ ભીલનું નામ સામે આવ્યું છે અને તેમની સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે પોલીસ દ્વારા જપ્ત કરાયેલા મુદ્દામાલ અંગે જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે આ કેસમાં ગાંજાના વાવેતર પાછળના સંજોગો, સંડોવણી અને અન્ય કોઈ કડી છે કે કેમ તે અંગેની પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે છોટાઉદેપુર જિલ્લો આદિવાસી બાહુલ્ય ધરાવતો વિસ્તાર છે.



આવા વિસ્તારમાં ગાંજા જેવા નશીલા પદાર્થોનું ગેરકાયદેસર વાવેતર થતું હોય તો તે કાયદો અને વ્યવસ્થાની સાથે સામાજિક દૃષ્ટિએ પણ ચિંતાનો વિષય બન્યો છે નસવાડી તાલુકામાં એક પછી એક ગાંજાનું વાવેતર ઝડપાઈ રહ્યું છે.

# છોટાઉદેપુરમાં વર્ષોથી બંધ થયેલો ઐતિહાસિક દશેરાનો મેળો પુનઃ શરૂ થશે

**સાંસદ** જશુભાઈ રાઠવાની જાહેરાત, 20 ઓક્ટોબરે ભવ્ય મેળાનું આયોજન

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 17

છોટાઉદેપુર નગરના નાગરિકો અને આસપાસના ગ્રામીણ વિસ્તારના લોકો માટે એક અત્યંત આનંદ અને ઉત્સાહના સમાચાર સામે આવ્યા છે. છોટાઉદેપુર નગરમાં ભૂતકાળમાં પરંપરાગત રીતે યોજાતો પરંતુ વર્ષોથી બંધ થઈ ગયેલો લોકપ્રિય 'દશેરાનો મેળો' આ વર્ષથી પુનઃ શરૂ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગેની સત્તાવાર જાહેરાત છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા દ્વારા કરવામાં આવી છે.

છોટાઉદેપુર ભાજપ કાર્યાલય ખાતે યોજાયેલી એક વિશેષ પ્રેસ કોન્ફરન્સને સંબોધતા સાંસદ જશુભાઈ રાઠવાએ જણાવ્યું હતું કે, સ્થાનિક લોકોની વર્ષો જૂની માંગણી અને સાંસ્કૃતિક પરંપરાને જીવંત રાખવાના ઉદ્દેશ્યથી



આ મેળો પુનઃ શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. આગામી ૨૦ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ છોટાઉદેપુર નગરમાં દશેરાના પાવન પર્વે ભવ્ય મેળાનું આયોજન કરવામાં આવશે.

સાંસદે વધુમાં ઉમેર્યું હતું કે, મેળાના સફળ અને સુચારુ આયોજન માટે તેમણે વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠકો યોજીને વિસ્તૃત ચર્ચાઓ કરી છે. સુરક્ષા, ટ્રાફિક વ્યવસ્થા, વિજળી, અને પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ જળવાઈ રહે તે માટે વહીવટી તંત્ર સાથે મળીને તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ મેળો પુનઃ શરૂ થવાની જાહેરાત થતાં જ સમગ્ર છોટાઉદેપુર પંથકમાં આનંદ અને ઉત્સાહનો માહોલ છવાઈ ગયો છે.

## સાવલીમાં 'મારી દીકરી મારે આંગણે' થીમ પર નિઃશુલ્ક ગરબા યોજાયા



(પ્રતિનિધિ) સાવલી, તા. 17

સાવલીના ભાટિયા મેદાન ખાતે ધારાસભ્ય કેતન ઈનામદારના પિતા સ્વ. મહેન્દ્રભાઈ ઈનામદાર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પાંચમા વર્ષે નિઃશુલ્ક માં આધ્યશક્તિ ગરબા મહોત્સવ-2026નું આયોજન કરવામાં આવ્યું છે. 'મારી દીકરી મારે આંગણે'ની લાગણીસભર થીમ સાથે યોજાતા આ ગરબામાં સમગ્ર તાલુકાના યુવક-યુવતીઓ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. આધુનિક વાજિંત્રો, આકર્ષક લાઈટિંગ, ગામઠી અને વેસ્ટર્ન સંસ્કૃતિના સમન્વય સાથે શહેરને ટક્કર આપે તેવી વ્યવસ્થા ખેલૈયાઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. રાજકોટના એ.કે. વૃંદના મધુર સૂરો પર હજારો માઈભક્તો માતાજીની આરાધના કરી રહ્યા છે. ગરીબ અને મધ્યમવર્ગના યુવક-યુવતીઓને મોંઘા પાસ ખરીદ્યા વિના પોતાના તાલુકામાં જ ઉત્તમ સુવિધા મળે તેમજ દીકરીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ટ્રસ્ટ દ્વારા આ અનોખી પહેલ કરવામાં આવી છે.

# રાયણતલાવડીમાં રૂ. ૩૬.૫૪ લાખનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત



**સરપંચ**-તલાટી સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા. 17

રાયણતલાવડી ગ્રામ પંચાયત વિસ્તારમાં કુલ રૂ. 36.54 લાખના ખર્ચે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રૂ. 7.99 લાખનાં કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું, જ્યારે રૂ. 19.49 લાખનાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરાયું હતું.

આ વિકાસકાર્યોમાં પેવર બ્લોક, આર.સી.સી. રોડ, સ્મશાન સુધીના રસ્તા, સ્મશાન રોડ પર ક્વોરી ડસ્ટ અને વેટ મિક્સની કામગીરીનો સમાવેશ થાય છે. ઉપરાંત, આમલીપુરા ગામના પટેલ ફળિયામાં પેવર બ્લોક અને રાયણતલાવડીના ભરવાડ ફળિયામાં નવા આર.સી.સી. રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. શક્તિ માતાજીના મંદિર પાસે, તળાવની પાળ પર અને મધુવનનગરમાં આર.સી.સી. રોડ, સ્મશાનમાં પેવર બ્લોક તેમજ સ્મશાન ફરતે તારની ફેન્સિંગ અને ગેટ સહિતનાં કામો પણ હાથ ધરવામાં આવ્યાં છે.

આ પ્રસંગે ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સરપંચ સુરેશભાઈ ભરવાડ, તાલુકા સદસ્ય, તલાટી કમ મંત્રી શૈલેન્દ્રસિંહ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. વિકાસકાર્યોને પગલે ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

## અલવા ગામમાં આદ્યશક્તિ ગરબા મહોત્સવમાં ખેલૈયાઓએ રમઝટ બોલાવી



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા. 17

તાલુકા પંથકના અલવા ગામે મા આદ્યશક્તિ ગરબા આયોજકોએ પ્રથમ વર્ષે જ પરંપરાગત ગરબાની રમઝટ બોલાવી હતી. અલવા સહિત આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં ભક્તિભાવપૂર્વક વિનામૂલ્યે ગરબે ઘૂમે છે. નવરાત્રી પર્વ નિમિત્તે ઠેર-ઠેર ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે વાઘોડિયા તાલુકાના મધ્યમાં આવેલ અલવા ગામે રાજુ ભાઈ અલવા અને સમસ્ત ગ્રામજનો આયોજિત માં આદ્યશક્તિ ગરબા મહોત્સવનું અતિભવ્ય આયોજન કરવામાં આવતા સારો એવો પ્રતિસાદ જોવા મળ્યો છે. આસો નવરાત્રી મહોત્સવમાં જગતજનની મા આદ્યશક્તિની આરાધના સાથે ખેલૈયા ઓ મનમુકીને ગરબે ઘૂમ્યા હતા.

# પાદરાના રબારીવાસમાં ૨૦૦ વર્ષ જૂના મહોણી માતાજીના મંદિરે ભક્તોની ભીડ

**સવાર-સાંજની** આરતીમાં શ્રદ્ધાળુઓની ભીડ, મંદિર ભક્તિમય માહોલમાં રંગાયું

(પ્રતિનિધિ) પાદરા, તા. 17

પાદરા શહેરના રબારીવાસ વિસ્તારમાં આવેલું આશરે 200 વર્ષ જૂનું માં મહોણી માતાજીનું મંદિર નવરાત્રિ દરમિયાન શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું મુખ્ય કેન્દ્ર બન્યું છે. નવરાત્રિના પાવન પર્વે પાદરા શહેર, તાલુકા તેમજ વડોદરા જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તો માતાજીનાં દર્શનાર્થે ઉમટી રહ્યા છે.

પાદરા નગરમાં પાણીની ટાંકી સામે આવેલા આ પૌરાણિક મંદિરે સવાર-સાંજની આરતી દરમિયાન ભક્તોની ભીડ જામે છે. માતાજીનાં દર્શન, પૂજન અને આરતીમાં સહભાગી થઈ શ્રદ્ધાળુઓ ધન્યતા અનુભવી રહ્યા છે. મંદિર ખાતે વર્ષોથી ચાલી આવતી સેવા પરંપરાને



મહેશભાઈ ભુવાજી આગળ ધપાવી રહ્યા છે.

નવરાત્રિ નિમિત્તે પાદરા પંથકનાં મંદિરોમાં ભક્તિમય માહોલ છવાયો છે ત્યારે માં મહોણી માતાજીનું મંદિર તેની બે સદી જૂની ધાર્મિક પરંપરા અને લોકઆસ્થાને કારણે વિશેષ મહત્ત્વ ધરાવે છે.

**શેર સર્ટીફીકેટ ગુમ થયેલ છે**

અમો નીચે સહી કરનાર સુભાષ કાંતિલાલ દોશી તુલસીધામ કો.ઓ. હા. સો. લી. ફ્લેટ નં સી / ૨૦૯, માંજલપુર, વડોદરાનું શેર સર્ટીફીકેટ નં.૬ થી ૧૦ ગેરવલ્લે થઈ ગયેલ છે જેને મળે તે દિન ૮ માં ઉપરોક્ત સરનામે આપવા વિનંતી

સહી : સુભાષ કાંતિલાલ દોશી (મો) ૭૬૦૦૯ ૪૬૭૮૭

એડવોકેટ : કૃષ્ણકાંત પી.પરીખ ૭, તુલસીધામ શોપીંગ સેન્ટર માંજલપુર, વડોદરા (મો) ૯૪૨૯૧૧૦૯૯૩

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**કોમર્શિયલ પ્રોપર્ટી તાત્કાલીક વેચવાની છે.** 1775 sq.ft. કાર્પેટ એરિયા, સમય કોમ્પલેક્ષ, પહેલા માળે, ગ્રીન એલીનાની સામે, આનંદ મહલ રોડ, અડાજણ. Mob.9427581332

**વેસુમાં 6 બેડરૂમ** સરવન્ટ રૂમ અને એલોટેડ પાર્કિંગ સાથેનો ડુપ્લેક્સ ફ્લેટ વ્યાજબી ભાવથી વેચવાનો છે (whats app) 98251 22616 Call : 98241 49995

**FEMALE STAFF URGENT REQUIRE** for TRAVEL COMPANY at Ring Road, Surat. for DOMESTIC & INTERNATIONAL HOLIDAYS- AIR TICKET - VISA. 1st priority for Experience English & Computer Knowledge - Graduate. 9374692000

**જગ્યા વેચવાની છે** રૂઘનાથપુરા વરાછા શેરીમાં કોમર્શિયલ, રેસીડેન્સીયલ, હોસ્પીટલ ડાયમંડ ફેક્ટરી, જરીકામ પ્રોજેક્ટ કરવા લાયક, સુરત. Call: 99740 05691 93768 26037

**माँ चामुडा ज्योतीष** पता - चोकसी वाडी, अडाजन, सुरत. हमारे यहां पर हस्त रेखा जन्माक्षर देखकर जिवन का पुरा पुरा हल बताया जाता जेशे कि कारोबार घर में कंकास सास बहु में झगडा, विदेश योग, प्रेम, प्यार, सोतन से छुटकारा किया कराया वसी करण। (स्पेश्यालिस्ट) Mo.7862990838

**પુરૂષાર્થ** GST Registration @ 2000 Rs. GST Return @500 Rs PM. Incomtax Return of five Year. 9974810262

**પ્લોટ વેચવાનો છે.** આત્મીયવિલા સોસાયટીમાં (કામરેજ) દલાલો આવકાર્ય. 9925024239

**જગ્યા ભાડે આપવાની છે** નાનપુરા વિસ્તારમાં પહેલા માળે 1000 Sqft., પાર્કિંગ લીફ્ટની સુવિધા સાથે. દલાલ આવકાર્ય. સંપર્ક : 9898041152 8866360199

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL** લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,** રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**PRESIDENT PEST CONTROL** 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**એલ્યુમિનિયમનું તમામ** પ્રકારનું કામ એલ્યુમિનિયમની બારીઓ ઓફિસ પાર્ટિશન બારીઓનું રિપેરિંગ શ્રેષ્ઠ ગુણવત્તા અને વાજબી ભાવમાં! M: 7016059247 (366)

**કબૂતર, મચ્છર જાળી** ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ચોખ્ખું ઘી મળશે-** ગીર ગાયનું 9898170075, 9727293311

**શ્રી ખોડિયાર કૃપા** ફાઈનાન્સ MSME બિઝનેસ લોન ઈન્ડસ્ટ્રીયલ,ફેક્ટરી, ટેક્સટાઈલ, ગારમેન્ટ મેન્યુ. હોલસેલ રિટેલર, ડાયમંડ મેન્યુ ટ્રેડર્સ મોર્ગેજ લોન ફ્લેટ, બંગલા, ઓપન NA પ્લોટ, એગ્રીકલ્ચર જમીન બિઝનેસ લોન સિક્યોર/ અન સિક્યોર (સીબીલ નો પ્રોબ્લેમ) (એજન્ટ આવકાર્ય) Call; 9825193679 અડાજણ. (364)

**જુના AC લેવામાં** આવશે. ચાલુ કે બંધ હાલતમાં, જુના 2 વ્હીલર ચાલુ કે બંધ હાલતમાં વેચવા માટે સંપર્ક કરો. Mo. 9316100413

**જુનો સામાન લેવામાં** આવશે. AC, ફ્રીજ, વોશિંગ મશીન, ગ્રીલ, લોખંડ, ઘરઘંટી, સાયકલ તથા જુના 2 વ્હીલર લેવામાં આવશે. સંપર્ક કરો. Mo. 9316100413

**હિંચકાના કડાંવાલા** કડાં, તોડફોડ કર્યા વગર, અમેરિકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**ઘરબેઠા તાત્કાલિક** LED રીપેરીંગ. દરેક ઈલેક્ટ્રોનિક્સ વસ્તુ, ટેલીફોન, રીમોટ, મોબાઈલ, કારવાં, રેડિયો, ટેપ, DVD, હોમથીયેટર, એમ્પ્લીફાયર, પ્રોજેક્ટર, બાઈક ચાર્જર, ટ્રીમર, કાનના મશીન તાત્કાલિક રીપેરીંગ/ વેચાણ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

મિલ્કત વેચવાની છે

**વેચવાની છે** જમીન સોલાર લાયક (93 વિઘા) ગામ: કાળા વ્યારા કણજા. Mo. 9687580001

**NA Plan Pass** 12 વિઘા જમીન વેચવાની છે. ગામ: પંડવાઈ (કોસંબા) Mo. 9687580001

**ખેતી લાયક** 42 એકર જમીન વેચવાની છે. નેત્રંગ. MO. 9687580001

**2.15 વિઘા** ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામ: ટેના રાંગ Mo. 9687580001

**પ્લોટ વેચવાનો છે** ૨૩૦ વાર ફ્રિ હોલ્ડ ન્યુ સિટીલાઈટ MO. 9825109400

**પ્લોટ વેચવાનો છે** ૪૮૫ વાર ૮૫૦૦૦/- વારનો ભાવ, વેસુ. MO. 9825109400

**2 BHK ફ્લેટ** વેચવાનો છે. રાજહંસ કેમ્પસ, પાલમાં. WhatsApp 9978936979

**વેચવાનું છે** (1) ઉધના એસ ટી ડેપો બાજુમાં ૧૦૦x૧૦૦ ફૂટ બે રોડ (2) ઉધના સોલાપુર બજરંગ મીલ પાસે ૫૦x૧૪૦ ફૂટ ૮૫x૧૪૦ ફૂટ (3) બી.આર.સી ઉધના ૧૪૦૦ વાર ૫૦૦ વાર શોરૂમ માટે મેઈન રોડ ૨૦૦ ફૂટ રોડ, વેસુ ૧૯૦૦ ફૂટ મેઈન રોડ પહેલો માળ શોરૂમ ઓફીસ માટે MO. 8200006737

**3 BHK ફ્લેટ** વેચવાનો છે. 1450 Sq. Ft આનંદમહલ રોડ, અડાજણ- Mob- 9427581332.

**વેચવાનુ છે** (1) ઉધના માં ડાઈંગ ખાતુ રનીંગ પરમીશન ચેમ્બર સાથે. (2) બેંક શોરૂમ ફેક્ટરી ભાડાની આવક વાળી પ્રોપટી (3) ઉધના માં ફ્લેટ નવા ૧૧૦૦ ફૂટ (4) ૩૨X૧૪૦ ફૂટ શેડ ૪ માળ વેચાણ (5) ડિઝીટયલ ફેક્ટરી ૫૦૦ KV પાવર- ૪૮X૮૦ ફૂટ એક માળ- M- 8200006737

**વેચવાનું છે** (1) સચીન જી.આઈ. ડી.સી મેઈન રોડ ૫૦૦૦ મીટર ૨૫૦૦ મીટર ૧૦૦૦ મીટર પ્લોટ શેડ (2) પાંડેસરા જી.આઈ. ડી.સી 20,000 વાર 3000 વાર કેમીકલ ઝોન ૧૨૦૦ વાર કોર્નર રોડ પાવર. (3) ઉધના સંઘ ૧૨૦૦ વાર કોર્નર ૬૦૦ વાર ૩૦૦ વાર પ્લોટ શેડ Mo. 9558954423

**સસ્તા ભાવે પ્લોટ** વેચવાનો છે. 90થી 350 વાર. પાલ. 9909601200

**ફ્લેટ વેચવાનો છે.** નવું બાંધકામ. 3/ 4 BHK. પાલમાં. 9909601200

**રોહાઉસ વેચવાનું.** 3 BHK 90 વારથી 150 વાર. અડાજણ. 9909601200

**1 BHK ફ્લેટ વેચવાનો.** 25 લાખ. ફુલ્લી ફર્નિચર સાથે ત્રીજો માળ, ડીમાર્ટની બાજુમાં. અડાજણ. 9909601200

**રાંદેર રોડ ટચ** ગાળાટાઈપનુ કોમર્શીયલ મકાન તાત્કાલિક વેચવાનુ છે. 9374535403 (367)

નોકરી વિષયક

**REQUIRED** a, B.PHARM CERTIFIED PHARMACIST for WORKING (with LICENCE) at SAIFEE MEDICAL, BHESTAN, SURAT, 8866013052

**પરચુરણ કામ માટે** જેન્ટ્સ/ લેડીઝ/ છોકરા G/3 ક્રિષ્ના કોમ્પલેક્ષ દિલ્હીગેટ પગાર રૂા ૪૦૦ સમય ૧૦ થી ૬ (363)

**ફુલ ટાઈમ ટી,** કોફી, મિલ્કશેક બનાવી શકે તેવો કારીગર જોઈએ છૈ. અને આઈસક્રીમ પાર્લર માટે સ્ટેશન રોડ સુરત કોલ 9898078652

**ફેમિલી ગેટ ટુ ગેધર** ઈવેન્ટ માટે પ્રોફેશનલ અનુભવી એન્કર જોઈએ છે. MO. 8511990021

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**કચ્છ રણોત્સવ** જાણીતું, માનીતું નામ કિંજલ શાહ સંગાથે માણો કચ્છ રણોત્સવ- સફેદ રણ. કચ્છ, ભુજ/ માતાનો મઢ સાથે માંડવી JOY ENJOY TRAVEL PLANNER (KINJAL SHAH) 9426157371.

**ચાલો દિવાળી વેકેશનમાં** જગન્નાથપુરી, ગંગાસાગર, પશુપતિ નાથ (નેપાળ) તથા અન્ય મો. 9726132466 (365)

**ઓમશિવ ટ્રાવેલ્સ** 23- ઓક્ટોબર, ખાટુશ્યામ, સાલાસર બાલાજી, સાવરીયાશેઠ, ઉદયપુર, જયપુર, શ્રીનાથજી, માઉન્ટઆબુ. દિવાળી પ્રવાસો (સફેદરણ, કચ્છ, માંડવી, માતાનોમઢ, નારાયણ સરોવર, કોટેશ્વર) (ઉદેપુર, જયપુર, ચિત્તૌડગઢ, ખાટુશ્યામ, માઉન્ટઆબુ) ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

**પ્રથમ ટ્રાવેલર્સ.** દિવાળી પ્રવાસ. રોયલ રાજસ્થાન, ખાઁટુશ્યામ, સાંવરિયાશેઠ, સાલાસર, બાલાજી, જેસલમેર, ગોવા, મહાબળેશ્વર. વિજયપારેખ, કતારગામ. 9825344459.

**સ્વપ્ન ટ્રાવેલ્સ** 53 વર્ષમાં પ્રવેશ, રેલ્વે 2x2 AC બસ દ્વારા દિવાળીમાં પ્રવાસો, (1) દક્ષિણ ભારત, હૈદ્રાબાદ, શ્રીશૈલમ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, બેંગ્લોર. દિવસ- 14. તારીખ- 11/ 11, અને 24/ 11 (2) બનારસ, અયોધ્યા, નેપાળ, મુક્તિનાથ. તારીખ- 24/ 12, દિવસ-12, (3) ભુતાન જાન્યુઆરીમાં. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો: દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

**કશ્મી ટુરીઝમ** ભાઈબીજે વૈષ્ણોદેવી કાશ્મીર, અમૃતસર પુષ્કર (દિવસ 12) 6352474903

**DATE- 12/11,** ચાર જ્યોતીલિંગ સાથે જગન્નાથપુરી, ગંગાસાગર, રહેવા- જમવા સાથે, AC સ્લીપર.- 9099733775

**સાગર 9427113317,** ગોવા, મહાબળેશ્વર, ભાઈબીજ મહાબળેશ્વર, લોનાવાલા, ત્રણ દિવસ, ૬૦૦૧/-

મિલ્કત ભાડેથી

**જોઈએ છે** ભાડેથી ઉધના ભેસ્તાન મેઈન રોડ ટચ શોરૂમ માટે ૧૫૦૦ ફુટ કારપેટ ગ્રાઉન્ડ મોટા વરાછા ડીંડોલી મેઈન રોડ. Mo. 8200006737

વ્યવસાયીક વેચવાનું છે

**શાર્પ BP -20M22 ઝેરોક્ષ** મશીન વેચવાનું છે. 9408959575

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો M. 9879663828 ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.